
શિકારી અને એનો કૂતરો

બ્રાયન








શિકારી અને એનો કૂતરો



દૂરના ગ્રામ્ય વિસ્તારના
એક ખેતરમાં એક કૂતરી
રહેતી હતી. એક દિવસ
એને ત્રણ ગલૂડિયાં થયા.





થોડા દિવસ પછી એક શિકારી એ ખેતરની મુલાકાતે આવ્યો. એણે એમાંથી એક ગલુડિયું ખરીદી લીધું. એ એને એક શિકારી કૂતરો બનાવવા ચાહતો હતો.

જયારે ગલુડિયું મોટું થયું તો શિકારીએ
એને કરામતો શીખવાડી.




શિકારી એક લાકડી દૂર ફેંકતો અને
કૂતરાને એ પાછી લાવવા કહેતો.



કૂતરો કાચા ઈંડા તોડયા વગર એના મોઢામાં લઈ જવાનું શીખ્યો.

"થોડા સમયમાં તું મારી સાથે શિકાર કરવા માટે તૈયાર થઈ જઈશ," શિકારીએ કૂતરાને કહ્યું.




એક દિવસ વહેલી સવારે બંને શિકાર કરવા નીકળ્યા. એ તળાવ પાસે પહોંચ્યા, જ્યાં ઊંચા પોલા ઘાસની સળીઓ ઉગેલી હતી.


અચાનક એક જંગલી બતક હવામાં ઉડયું. શિકારીએ એની બંદૂક તાકી અને નિશાન સાધીને ગોળી ચલાવી. જખ્મી બતક જમીન પર પડી ગયું.



કૂતરો બતકને લાવવા માટે દોડીને ગયો. બતકની ઇજા અને પીડા જોઈને અને એની અસહાયતા જોઈને કૂતરાને બહુ દુઃખ થયું. એણે બહુ સાવધાનીથી બતકને મોઢામાં ઉપાડયું અને એને એક નાના ટાપુ પર લઈ ગયો.








કૂતરાએ બતકના જખમને ચાટ્યા. "હું તારી દેખભાળ કરીશ," એ જાણે બતકને કહેતો હોય એવું લાગ્યું. પછી એણે શિકારી પર એક ચાલ ચાલી. "મને લાકડી પાછી લાવવાની તાલીમ આપવામાં આવી છે," એણે મનમાં કહ્યું.

"એટલે હું મારા માલિક માટે મોઢામાં એક લાકડી પાછી લઈ જઈશ." એટલે એણે બતકને ત્યાં જ છોડયું, અને એના મોઢામાં એક લાકડી દબાવીને એના માલિક પાસે પાછો ફર્યો.




એવી રીતે એ રોજ શિકાર કરતા. દર વખતે જયારે શિકારી કોઈ બતકને ગોળી મારતો તો કૂતરો દોડીને એને લેવા જતો.


દર વખતે કૂતરાને જો કોઈ જખ્મી બતક મળતું તો એ એને ટાપુ પર છોડીને એના મોઢામાં એક લાકડી દબાવીને પાછો ફરતો.



રોજ રાતે કૂતરો એના માલિકના ઘરેથી પાઉં ચોરી જતો.



એ પાઉં લઈને ટાપુ પર જતો અને જખ્મી બતકને ખવડાવતો હતો.



એક રાતે શિકારીએ કૂતરાને પાઉં
લઈ જતા જોયો. એણે કૂતરાનો
પીછો કર્યો અને એને ટાપુ પર
ઊંચા ઘાસની પાછળ જતા જોયો.



શિકારીએ ઊંચા
ઘાસમાંથી ડોકિયું
કર્યું. એણે કૂતરાને
જખ્મી બતકને
પાઉં ખવડાવતા
જોયો. એ જોઈને
શિકારીને પોતાની
જાત પર બહુ
શરમ આવી.




બીજે દિવસે સવારે શિકારી એ ટાપુ પર એક
મોટું પાંજરું લઈને ગયો.

એણે બહુ કાળજીપૂર્વક એ જખ્મી બતકોને પાંજરામાં
રાખ્યા. પછી એ એને એના ઘરે લઈ ગયો.



એણે બતકના જખમ ધોયા અને સાફ કર્યા.

બતકને સાજા કરવા એણે મલમપટ્ટી કરી.



જયારે બતક સાજા થયા તો શિકારી એને એ જ સ્થળ
પર લઈ ગયો જ્યાં એણે એને ગોળી મારી હતી.

એક-એક કરીને એણે બધા બતકને છુટા કર્યા અને એ
ઉગતા સૂરજ તરફ આકાશમાં ઉડી ગયા.

આમ તો એ કૂતરાને શિકાર કરવા માટે તાલીમ આપવામાં આવી હતી. પણ કૂતરો થોડા સમયમાં સમજી ગયો કે એ કામ એના જેવા સહૃદયી કૂતરા માટે ન હતું.

